ઉત્તર બુનિયાદી શાળાઓ માટે
જમીનના પ્રમાણ બાબત.
-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૮૯/મં.૭૧૨/૧૫૫/ગ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૧૭/૧/૧૯૯૧.

સંદર્ભ - ૧. શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૭/૨/૬૮ના ઠરાવ ક્રમાંક : એસએસએન.૨૫૬૭/૧૦૦૩૪૭/ગ.

. . .

ઠરાવ :- ઉત્તર બુનિયાદી શાળાઓને જમીન ધારણ કરવા અંગેનો પ્રશ્ન સરકારની સક્રિય વિચારણા હેઠળ હતો. ગુજરાત બુનિયાદી શિક્ષણ બોર્ડની તા.૧૨/૧૨/૯૦ના રોજની મિટિંગમાં પણ આ પ્રશ્ન અંગે વિશદ ચર્ચા કરવામાં આવી હતી. પુખ્ત વિચારણાને અંતે ઉત્તર બુનિયાદી શાળાઓ માટે જમીનનું ધોરણ સરકાર નીચે મુજબ બાંધી ઠરાવે છે.

(૧) હાલ ઉત્તર બુનિયાદી શાળાઓ માટે ઓછામાં ઓછી ૧૫ એકર જમીનની જે જોગવાઈ છે તેમાં છૂટછાટ આપીને અનિવાર્ય સંજોગોમાંજ, ૧૨ એકરની જમીન હોય તેવી શાળાઓની માન્યતા ચાલુ રાખવી. આમ છતાંય જે શાળાઓ પાસે હાલમાં ૧૨ એકર કરતાં વધારે જમીન છે તેવી શાળાઓ તે વધારાની જમીન વેચી શકશે નહિ કે ઉત્તર બુનિયાદી શાળાના હેતુ સિવાય બીજો કોઈ ઉપયોગ કરી શકશે નહિ. અનિવાર્ય સંજોગોની ચકાસણી કરવાની તેમજ તે અંગે મંજૂરી આપવાની સત્તા ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીને આપવામાં આવે છે.

(૨) જે ઉત્તર બુનિયાદી શાળાઓ પાસે ૧૨ એકર કરતાં ઓછી જમીન છે તેવી શાળાઓને અનુદાન સહાય જૂન-૯૧ના વર્ષથી ચૂકવવાની બંધ કરવી.

(૩) આ નવા ધોરણોનો અમલ જૂન-૯૧નાં નવા સત્રથી કરવાનો રહેશે.

(૪) આ ઠરાવથી ઉત્તર બુનિયાદી શાળાનો પાસે ૧૫-એકર જમીન હોવી જોઈએ તેવા હાલના નિયમમાં કોઈ ફેરફાર થતો નથી.

(પાછળ...૨)

આ ઠરાવની જોગવાઈઓની જાણ સંબંધિતોને કરવા અને જરુરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા ઉચ્ચ શિક્ષણ નિયામકને સૂચના આપવામાં આવે છે.

આ હુકમો શિક્ષણ વિભાગની ફાઈલ ક્રમાંક : બમશ/૧૧૮૯/મ.૬૧૨/૧૫૫/ગ, ઉપર નાણાં વિભાગની તારીખ : ૮/૧/૧૯૯૧ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા).
માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત મદદનીશ.
માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
માન. શિક્ષણ મંત્રીશ્રી, રાજ્યકક્ષાના અંગત સચિવશ્રી.
ઉચ્ચ શિક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીઓ...
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, સચિવાલય, ગાંધીનગર.
મહાલેખાકાર, ગુજરાત રાજ્ય, રાજકોટ.
હિસાબ અને તિજોરી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
પગારો તપાસણી અધિકારી, ગાંધીનગર.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શિક્ષણ વિભાગની તમામ શાખાઓ...
નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ ફંડ, પોલીટેકનીક કમ્પાઉન્ડ,
જુના સચિવાલય, અમદાવાદ (પત્ર દ્વારા).
શાખા/શિક્ષણ વિભાગ તરફ જાણ સારૂ.
સીલેક્ટ ફાઈલ. 'ગ' શાખા.

સો.હે./ટા.શા.
૩૧૮૨/૨-